# આજે ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચે ક્રિકેટ જંગ

મેલબોર્ન,તા.૨૧

વર્લ્ડ કપ ૨૦૧૫માં હવે આવતીકાલે ભારત અને દક્ષિણઆફ્રિકા વચ્ચે ગ્રુપ બીની મેચ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે. પાકિસ્તાન પર જીત મેળવી લીધા બાદ આ મેચ પણ ખુબ હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ રહે તેવી શક્યતા છે. બન્ને એક સમાન તાકાત ધરાવતી ટીમો આમને સામને રહેશે. પાકિસ્તાન પર જીત મેળવી લીધા બાદ કરોડો ચાહકોની ઉત્સુકતા વધી ગઈ છે. વિરાટ કોહલી, સુરેશ રેના, મહેન્દ્રસિંહ ધોની, શિખર ધવન અને રહાણે પર તમામની નજર રહેશે.આફ્રિકા પણ વિશ્વકપમાં પ્રબળદાવેદાર ટીમો પૈકીની એક ટીમ છે. તેની પાસે બેટિંગમાં હાસીમ અમલા, ડિવિલિયર્સ, કોક, ડ્યુમિની જેવા સ્ટાર ખેલાડી છે. જ્યારે બોલિંગમાં તેની પાસે સ્ટેઈન જેવો સ્પીડ સ્ટાર છે. જે હરિફ ટીમની શરૂઆતમાં જ બેટિંગની કમર તોડી શકે છે. હવે વર્લ્ડ કપમાં જેની કરોડો ચાહકો રાહ જોઈ રહ્યા હતા તે હાઈવોલ્ટેજ અને હાઈ પ્રોફાઈલ મેચ આવતીકાલે મેલબોર્ન ખાતે રમાનાર છે. મોટા ભાગના ક્રિકેટ ચાહકો માની રહ્યા છે કે આ મેચ વર્લ્ડ કપના ફાઈનલ મેચ જેવી મેચ રહેશે. મેલબોર્ન ખાતે આ મેચની તમામ ટિકિટ પહેલાથી જ વેચાઈ ચુકી છે. વિશ્વના એક અબજ કરતા પણ વધુ ચાહકો વર્લ્ડ કપની મેચનિહાળનાર છે. ૨૦૦થી વધારે દેશોમાં રહેતા ક્રિકેટ ચાહકો ઉત્સુકતાપૂર્વક વર્લ્ડ કપની રહ જોઈ રહ્યા છે.



ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામા ંઆવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યુંહતુ. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં ૨૩ વર્ષ બાદ વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. ભારત અને આફ્રિકા વચ્ચે રમાનારી મેચનુ જીવંત પ્રસારણ સવારે નવ વાગ્યાથી દુરદર્સન અને સ્ટાર સ્પોર્ટસ પર કરવામાં આવનાર છે. વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે.રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ૧૪ ટીમોની સાથે સાથે ૪૦૦ એક્રીડેટેડ ખેલાડી અને અધિકારીઓ આમાં ભાગ લઈ રહ્યા છે.૨૦૧૧માંપણ ૧૪ ટીમોએ ભાગ લીધો હતો. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાંઆવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ ટકા વધારે ઈનામી રકમ છે. ટીમના દેખાવ મુજબ ઈનામી રકમ મળશે. બંને ટીમો નીચે મુજબ છે.

ભારત : શિખર ધવન, રોહિત શર્મા, વિરાટ કોહલી, રહાણે, સુરેશ રૈના, ધોની, રવિન્દ્ર જાડેજા, સ્ટુઅર્ટ બિન્ની, મોહિત શર્મા, આર અશ્વિન, મોહમ્મદ સામી, ઉમેશ યાદવ

આફ્રિકા : ડી કોક, હાશિમ અમલા, પ્લેસીસ, ડિવિલિયર્સ, ડેવિડ મિલર, ડ્યુમિની, બહારદિન, ફિલાન્ડર, સ્ટેઈન, મોર્કેલ, ઈમરાન તાહીર

# અણ્ણાનું જંતર મંતર પર આજે આંદોલન



નવી દિલ્હી,તા. ૨૧

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે આવતીકાલથી ફરી એકવાર વિવિધ મુદ્દાઓને લઈને આંદોલન કરવા જઈ રહ્યા છે. અણ્ણા આવતીકાલથી બે દિવસ સુધી આંદોલન કરનાર છે. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે તેવી શક્યતા છે. દિલ્હીના મુખ્યપ્રધાન અને એએપીના નેતા અરવિન્દ કેજરીવાલ આંદોલનમાં સામેલ થવાની અનેક વખત ઈચ્છા વ્યક્ત કરી ચુક્યા છે પરંતુ અણ્ણાએ આની તક આપી નથી. અલબત્ત અણ્ણાએ સહકાર આપવા માટે કહેવામાં આવ્યું છે. સૌથી રસપ્રદ બાબત એ છે કે અણ્ણાના આંદોલનમાં કેજરીવાલને મંચ પર જવાની મંજૂરી પણ આપવામાં આવસે નહી. અણ્ણા ઐતિહાસિક જંતર મંતર પર આંદોલન કરનાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ અણ્ણા મોદી સરકારથી નાખુશ છે. તેમણે કહ્યું છે કે જ્યારે મે મહિનામાં કેન્દ્રમાં મોદી સરકાર આવી હતી ત્યારે કહેવામાં આવ્યું હતું કે અચ્છે દિન આનેવાલે હે પરંતુ હજુ સુધી આવા સારા દિવસો આવ્યા નથી. અણ્ણાએ કહ્યું છે કે તેઓ જમીન અધિગ્રહણ અને અન્ય મુદ્દે આંદોલન કરીને સરકાર પર દબાણ લાવશે. અણ્ણા કહી ચુક્યા છે કે મોદી સરકાર આવ્યા બાદ ગરીબોની તરફ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી જ્યારે અમીરોને ધ્યાનમાં લઈને નિતી બનાવવામાં આવી રહી છે. આ આંદોલનના કારણે દેશમાં બે જુદા જુદા મત ધરાવતા લોકો જુદા જુદા વલણ અપનાવે તેવી શક્યતા છે. આંદોલન દરમિયાન કોઈઅનિચ્છનીય બનાવ ન બને તે માટે પણ પગલા લેવામાં આવ્યા છે. દિલ્હી પોલીસ પહેલાથી જ સજ્જ છે. અંધાધુંધીને ટાળવામાં આવશે. દિલ્હી સરકાર પર પણ દબાણ રહેશે. આંદોલનમાં કેટલા લોકો જોડાય છે તે બાબત ઉપયોગી રહેશે. ત્રણ વર્ષ અગાઉ ભ્રષ્ટાચાર સામે જોરદાર આંદોલન કર્યા બાદ હવે જમીન અધિગ્રહણના વટહુકમને લઈને આંદોલન હાથ ધરવામાં આવનાર છે. દેશભરમાંથી ૫૦૦૦થી વધુ ખેડૂતો પહોંચે તેવી શક્યતા છે. મળેલી માહિતી મુજબ દિલ્હીમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અણ્ણાનું કહેવું છે કે, સારા દિવસો માત્ર ઉદ્યોગપતિઓના આવ્યા છે. કોઈપણ રાજકીય પાર્ટી સાથે પ્લેટફોર્મ પર રહેશે નહીં. બે દિવસના ધરણા કાર્યક્રમ શરૂ થશે. અગાઉ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનથી યુપીએની સરકાર હચમચી ઉઠી હતી. પાર્ટી ખેડૂત વિરોધી સુધારા કરી રહી હોવાનો મત પણ છે. કોંગ્રેસ આમા સામેલ થાય તેવી શક્યતા દેખાતી નથી.



**મધ્યપ્રદેશમાં પ્રવાસન વિભાગને પ્રોત્સાહન આપવા તથા પાણી બચાવો અભિયાન અંતર્ગત ભોપાલ ખાતે યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા યોજાયેલ બે દિવસીય 'ઝીલ મહોત્સવ'માં તિગ્રા જળાશયને ખુબ જ આકર્ષક રીતે શણગારવામાં આવ્યું હતું.**

# ફ્યુઅલ અને ફુડ સબસિડી બિલમાં જંગી ઘટાડો કરાશે

## કુલ સબસિડી બિલ ઘટાડીને બે લાખ કરોડની આસપાસ કરી દેવાય તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૨૧

નાણાંપ્રધાન અરૂણ જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરનાર છે. બજેટમાં નાણાં પ્રધાન જેટલી ફુડ અને ફ્યુઅલ સબસિડી બિલમાં જંગી ઘટાડો કરવા વિચારી રહ્યા છે. સમગ્ર સ્થિતી પર નજર રાખી રહેલા નિષ્ણાંતો માની રહ્યા છે કે ફુડ અને ફ્યુઅલ સબસિડી બિલમાં આઠ અબજ ડોલર સુધી કાપ મુકવામાં આવી શકે છે. કેન્દ્રમાં ગયા વર્ષે મે મહિનામાં સત્તામાં આવ્યા બાદ મોદી સરકાર પ્રથમ સંપૂર્ણ બજેટ રજૂ કરનાર છે ત્યારે બજેટમાં ક્યા પગલા લેવાશે તેને લઇને ઉત્સુકતા છે. એકપછી એક ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ દિલ્હીમાં હાર થયા બાદ મોદી સરકાર બજેટમાં કેટલાક લોકલક્ષી પગલા વધારે લેવામાં આવી શકે છે. સુત્રોએ કહ્યું છે કે જેટલી કુલ સબસિડી બિલને બે લાખ કરોડ અથવા તો ૩૨ અબજ ડોલર કરી શકે છે. ફ્યુઅલ સબસિડી બિલ બે તૃતિયાંશ ઘટીને ૨૨૦૦-૨૩૦૦૦ કરોડ થઇ શકે છે. પહેલી એપ્રિલથી શરૂ થતા નાણાંકીય વર્ષમાં સબસિડી બિલમાં કાપ મુકવામાં આવી શકે છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં કુલ સબસિડી બિલ ૪૦ અબજ ડોલરની આસપાસ છે જેમાં આઠ અબજ ડોલર સુધી ઘટાડો કરવામાં આવી શકે છે. એટલે કે તેને ઘટાડીને ૩૨ અબજ ડોલરની આસપાસ કરવામાં આવી શકે છે. કેટલાક નિષ્ણાંતો માની રહ્યા છે કે દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ મોદી સરકાર બજેટમાં કેટલાક ફેરફાર કરી રહી છે. જો કે જેટલી કહી ચુક્યા છે કે બજેટમાં સુધારા પ્રક્રિયાને યથાવતરીતે આગળ વધારી દેવામાં આવનાર છે. બજેટમાં સુધારાની ગતિને કોઇ અસર નહી થાય. બીજી બાજુ ફ્યુઅલ અને ફુડ સબસિડીને લઇને કાપ મુકવાની હિલચાલ કેટલાક સમયથી ચાલી રહી છે.

# લેધર શુઝ ઉપર એક્સાઈઝ ડ્યુટી ઘટાડીને છ ટકા કરાશે

નવી દિલ્હી,તા. ૨૧

નાણાંપ્રધાન અરૂણ જેટલી બજેટ રજૂ કરતી વેળા મેન્યુફેકચરિંગને પ્રોત્સાહન આપવા માટે કેટલીક જાહેરાતો કરી શકે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ જેટલી લેધર શુઝ પર એક્સાઈઝ ડ્યુટીને વર્તમાન ૧૨ ટકાથી ઘટાડીને છ ટકા કરી શકે છે. આનાથી મેન્યુફેકચરિંગને પ્રોત્સાહન મળશે. બજેટ દરખાસ્તમાં વાણિજ્ય મંત્રાલય દ્વારા પણ કેટલીક માંગ કરવામાં આવી છે. જેના ભાગરૂપે લેધર શુઝ પર એક્સાઈઝ ડ્યુટી મુક્તિને રૂપિયા ૫૦૦થી વધારીને ૧૦૦૦ કરવાની પણ માંગ કરવામાંઆવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા છેલ્લા કેટલાક દિવસથી વાત કરી રહ્યા છે. મેક ઈન ઈન્ડિયાને વેગ આપવા માટે જે ૨૫ સેક્ટરને ઓળખી કાઢવામાં આવ્યા છે તેમાં



લેધર સેક્ટર પણ એક છે. ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પણ ડ્યુટી કાપ અને મુક્તિની માંગ કરી ચુક્યા છે. ભારતમાં લેધર ઉદ્યોગનુ કદ સતત વધી રહ્યું છે. આ ક્ષેત્રમાં કેટલીક ટોચની કંપનીઓ પણ એન્ટ્રી કરી ગઈ છે. ભારતમાં લેધર માર્કેટને લઈને ભારે ઉત્સુકતા રહી છે. ભારતમાં લેધર ઉદ્યોગનુ કદ છ અબજ ડોલરનુ છે જેપૈકી શુઝ માર્કેટનુ કદ ચાર અબજ ડોલરની આસપાસ છે. આવનાર દિવસમાં મેન્યુફેકચરિંગને વેગ આપવા માટે વિવિધ પગલાની જાહેરાત કરવામાં આવ્યા બાદ વધારે તેજી આવી શકે છે. મોદીએ દેશના વડાપ્રધાન બન્યા બાદ કેટલીક નવી પહેલ કરી છે. જેમાં ડિઝીટલ ઈન્ડિયા, સ્વચ્છ ઈન્ડિયા અને મેક ઈન ઈન્ડિયાનો સમાવેશ થાય છે. ૨૮મી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરતી વેળા કેટલાક ટેક્સ વ્યવસ્થાને લઈને દુવિધાને દુર કરવામાં આવનાર છે. આઈટી સેક્ટર અને ફાર્મા સેક્ટર દ્વારા પણ પોત પોતાની રજૂઆત કરી દેવામાં આવી છે.

# કોર્પોરેટ કેસ : ૧૦,૦૦૦ કરોડના કૌભાંડનો દાવો કરાતા સનસનાટી

નવીદિલ્હી,તા.૨૧

પેટ્રોલિયમ મંત્રાલય સાથે જોડાયેલા દસ્તાવેજ ચોરી કરવાના મામલામાં ઝડપાયેલા પૂર્વ પત્રકાર શાન્તનુ સેકિયાએ આજે એવો દાવો કરીને ખળભળાટ મચાવી દીધો હતો કે, ૧૦૦૦૦ કરોડ રૂપિયાના એક કૌભાંડમાં કવરઅપ ઓપરેશનમાં તેઓ સામેલ હતા. આજ કારણસર તેમને ફસાવવામાં આવી રહ્યા છે. સેકિયાના આ ઘટસ્ફોટથી ચકચાર મચી ગઈ છે. સેકિયાને જ્યારે પોલીસ રિમાન્ડ માટે લાવવામાં આવ્યો ત્યારે પોલીસ વેનમાંથી ઉતરતી વેળા પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, આ ૧૦૦૦૦ કરોડનું કૌભાંડ છે. તે કવરઅપ કરી રહ્યો હતો. કવરઅપ ઓપરેશનમાં હોવાથી તેનું નિવેદન દર્શાવવામાં આવ્યું છે. સેકિયા એવા ૧૨ લોકોમાં સામેલ છે જે લોકો આ મામલામાં પકડાઈ ચુક્યા છે. સેકિયા ઉપર આક્ષેપ છે કે, તે મંત્રાલય સાથે જોડાયેલા દસ્તાવેજોનું મૂલ્યાંકન કરીને દસ્તાવેજો કંપનીઓને વેચતો હતો. સેકિયા સહિત કુલ ચાર આરોપીઓને પટિયાલા હાઉસ કોર્ટ દ્વારા રિમાન્ડ પર મોકલી દેવામાં આવ્યા છે. આજે પોલીસ વેનથી ઉતરતી વેળા સેકિયાએ જોરદાર નિવેદન કરીને ખળભળાટ મચાવી દીધો હતો. અગાઉ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, આ કેસમાં કોઈપણ દોષિત વ્યક્તિને છોડવામાં આવશે નહીં. રાજનાથસિંહે કહ્યું હતું કે, સરકાર આ કૌભાંડનો પર્દાફાશ કરવા માટે કટિબદ્ધ છે. પત્રકારો સાથેની વાતચીતમાં રાજનાથે કહ્યું હતું કે, તમામ દોષિતોને સજા કરાશે. જો અમે સાવધાન રહીશું નહીં તો કૌભાંડનો પર્દાફાશ થશે નહીં. આ અગાઉ દિલ્હી પોલીસના કમિશનર બીએસ બસ્સીએ પણ કહ્યું હતું કે, કોર્પોરેટ જાસુસી કેસના સંબંધમાં ટોપ પ્રાઈવેટ એનર્જી કંપનીના પાંચ વરિષ્ઠ કારોબારીની પણ ધરપકડ કરાઈ છે. તેમની પુછપરછ ચાલી રહી છે. આરોપી લોકો પાસેથી અન્ય માહિતી મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે. દસ્તાવેજો લીક કરનાર લોકો અને લીક દસ્તાવેજો મેળવનાર લોકોની પુછપરછ પણ થઈ રહી છે. ચોરી કરવામાં આવેલા દસ્તાવેજોના મામલામાં પણ તપાસ ચાલી રહી છે. પાંચ એનર્જી કંપનીઓના કારોબારીઓની ધરપકડ કરવામાં આવી છે જેમાં તમામના નામ ખુલી ચુક્યા છે.

એનર્જી પોર્ટલ ચલાવનાર સેકિયા અને એનર્જી કન્સલટન્ટ પ્રયાસ જૈનની દિલ્હી પોલીસે ગઈકાલે ધરપકડ કરી હતી. આની સાથે જ ઝડપાયેલાઓની કુલ સંખ્યા ૧૨ ઉપર પહોંચી ચુકી છે. સેકિયા અને પ્રયાસ જૈનને અન્ય બેની સાથે ૨૩મી ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. અન્ય ત્રણને ૧૪ દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. પેટ્રોલિયમ મંત્રાલયના દસ્તાવેજ લીક મામલામાં ઝડપાઈ ગયેલા એનર્જી કંપનીઓના પાંચ કારોબારીઓને દિલ્હી પોલીસની ત્રણ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. દિલ્હી પોલીસે કસ્ટડીની માંગ કરીને કોર્ટમાં કહ્યું હતું કે, કબજે કરવામાં આવેલા દસ્તાવેજ ખુબ જ સંવેદનશીલ છે. આ મામલામાં રાષ્ટ્રીય હિતોની અવગણના કરાઈ હતી.

# વર્લ્ડ કપમાં પાકિસ્તાનની વિન્ડીઝ સામે કારમી હાર

ક્રાઈસ્ટચર્ચ,તા. ૨૧

ક્રાઈસ્ટચર્ચ ખાતે રમાયેલી વર્લ્ડ કપની ગ્રુપની મેચમાં આજે વેસ્ટ ઈન્ડિઝે પાકિસ્તાન પર જીત મેળવીને મોટો અપસેટ સર્જયો હતો. પ્રથમ બેટિંગ કરતા વિન્ડીઝે શાનદાર બેટિંગ કરતા નિર્ધારિત ૫૦ ઓવરમાં છ વિકેટે ૩૧૦ રન કર્યા હતા. જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ



આશ્ચર્યજનકરીતે માત્ર ૧૬૦ રનમાં ખખડી ગઈ હતી. પાકિસ્તાનની ટીમ માત્ર ૩૯ ઓવર જ રમી શકી હતી. અગાઉ વેસ્ટ ઈન્ડિઝે અગાઉની મેચમાં હારતી બોધપાઠ લઈને આજે શાનદાર બેટિંગ કરી હતી અને જંગી જુમલો ખડક્યો હતો. વેસ્ટ ઈન્ડિઝ વતી બ્રાવોએ ૪૯, સેમ્યુઅલે ૩૮, રામદીને ૫૧, સિમોન્સે ૫૦ અને સમ્મીએ ૩૦ રન કર્યા હતા. જ્યારે રસેલે ઝંઝાવતી અણનમ ૪૨ રન ફટકાર્યા હતા. ભારત અને આફ્રિકા વચ્ચે રમાનારી મેચનુ જીવંત પ્રસારણ સવારે નવ વાગ્યાથી દુરદર્સન અને સ્ટાર સ્પોર્ટસ પર કરવામાં આવનાર છે. વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે.રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ૧૪ ટીમોની સાથે સાથે ૪૦૦ એક્રીડેટેડ ખેલાડી અને અધિકારીઓ આમાં ભાગ લઈ રહ્યા છે. ૨૦૧૧માં પણ ૧૪ ટીમોએ ભાગ લીધો હતો.પાકિસ્તાનની હાર થતા તેના પર હવે સંકટ તોળાઈ રહ્યું છે. કારણ કે તેની વર્લ્ડ કપની પ્રથમ મેચમાં ભારત સામે કારમી હાર થઈ હતી. આજે એકદમ ઓછા સ્કોરે તેના ખેલાડી આઉટ થતા હવે તેને આગામી રાઉન્ડમાં પહોંચવા માટે ભારે મહેનત કરવી પડશે. પાકિસ્તાનની ઈનિંગ્સમાં તમામ બેટ્સમેનો નિષ્ફળ રહ્યા હતા. પાકિસ્તાન તરફથી અકમલે સૌથી વધુ ૫૯ રન કર્યા હતા.

# મુલાયમના પૌત્રના તિલકમાં નરેન્દ્ર મોદીની ખાસ હાજરી

સેફાઈ, તા. ૨૧

સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવ અને રાષ્ટ્રીય જનતા દળના નેતા લાલૂ યાદવના રાજકીય સંબંધ આજે વડાપ્રધાન મોદીની ઉપસ્થિતિમાં સંબંધોમાં ફેરવાઈ ગયા હતા. મૈનપુરીમાંથી સપાના સાંસદ અને મુલાયમસિંહના પૌત્ર તેજ પ્રતાપસ યાદવના તિલક કાર્યક્રમમાં મોદી ઉપસ્થિત રહ્યા હતા. તેજપ્રતાપસના લગ્ન હવે ર૬મી ફેબ્રુઆરીના દિવસે દિલ્હીમાં લાલૂની સૌથી નાની પુત્રી રાજલક્ષ્મી સાથે થઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બોલીવુડ સુપર સ્ટાર અમિતાભ બચ્ચન, ઉદ્યોગપતિ અનિલ અંબાણી, પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠી, રાજસ્થાનના રાજ્યપાલ કલ્યાણસિંહ પણ આજે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. મુલાયમના ભત્રીજાની તિલક સમારોહ કાર્યક્રમમાં મોદીએ તેમના વિરોધી સાથે હાજરી આપી હતી જેમાં લાલૂ પ્રસાદ યાદવ વિશેષરીતે ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમમાં હાજરી આપવા માટે જેડીયુના પ્રમુખ શરદ યાદવ, મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી બાબુલાલ ગૌર, પૂર્વ કેન્દ્રીયપ્રધાન રઘુવંશ પ્રસાદ પણ સેફાઈ પહોંચ્યા હતા. ઉત્તરપ્રદેશના પૂર્વ અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી નારાયણ દત્ત તિવારી, અમરસિંહ, સાક્ષી મહારાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. બોલીવુડ સ્ટાર, ગાયક કલાકારો, રાજકારણીઓ, કેન્દ્રીય પ્રધાનો, મુખ્યમંત્રીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧૦૦૦૦૦ આમંત્રિતોને બોલાવવામાં આવ્યા હતા. પત્રકારો, જજ અને જુદા જુદા ક્ષેત્રની સેલિબ્રિટીઓ પણ પહોંચી હતી. ખાસ કુક પણ બોલાવવામાં આવ્યા હતા. મોમા પાણી આવી જાય તેવી ડિશ તૈયાર કરવામાં આવી હતી જેમાં ગુજરાતી, પરંપરાગત ઉત્તરપ્રદેશ, બિહારી ભોજનની વાનગી રાખવામાં આવી હતી. દહી કે આલુ, બાટી ચોખા, પુરી પનીર, સોહન હલવા, કુલ્ફી, મુંગ કી દાલ કા હલવા, રબડી જેવી ચીજવસ્તુઓ પણ રાખવામાં આવી હતી. સપાના પ્રધાનો, ધારાસભ્યો સહિત ત્રણ હજાર વીઆઈપી માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. મુખ્ય સ્થળ ઉપર ૧૦ એલઈડી સ્ક્રીન મુકવામાં આવી હતી જેમાં તીલકનું જીવંત પ્રસારણ કરાયું હતું. અખિલેશ યાદવ અને અન્યોના કાર્યક્રમમાં અગાઉ ઉપસ્થિત રહી ચુકેલા સંગીત કલાકારોને બોલાવવામાં આવ્યા હતા. મુલાયમસિંહ, તેમના ભાઈ અને પ્રધાન શિવપાલસિંહ યાદવ, ભત્રીજા ધર્મેન્દ્ર યાદવે સમારોહ માટે ખાસ તૈયારી કરી હતી. પોલીસના અધિકારીઓને પણ રાખવામાં આવ્યા હતા.

## સમાચાર ઝલક

- **સલમાન સાથે તેના ડુપ્લીકેટે રાજકોટમાં જમાવેલું આકર્ષણ : લોકોમાં અચરજ.**
- **બોલીવુડની ફિલ્મોના શુટીંગ ગુજરાતમાં થવા જોઈએ : અનુપમન ખેર.**
- **સુરતમાં કાર નાળામાં ઘુસી જતા માલિક ભાગી ગયો : ક્રેનથી બહાર કઢાઈ.**
- **વડોદરાના ડેસરમાં થાય છે ઉપવાસમાં ખવાતા રાજગરાની ખેતી.**
- **રવિવારે અંધજન કાર રેલીનો રિવરફ્રન્ટથી પ્રારંભ.**
- **ખાંડના ભાવમાં કિલોએ ૨ રૂ. વધવાના એંધાણ.**
- **વધુ છ દેશના નાગરિકોને ઈ-વિઝાની સુવિધા આપશે ભારત.**
- **અમદાવાદ ઈસરોના ડાયરેક્ટર પદે તપન મિશ્રાની નિયુક્તિ.**
- **સુરતમાં મોદી સુટની કારમાં ઢોલ નગારા સાથે નીકળી ભવ્ય શોભાયાત્રા.**
- **કુમકુમ સ્વામિનારાયણ મંદિરના મહંતસ્વામીને પહેરાવાયો ૨૫ ફુટનો હાર.**
- **થરાદ હાઈવે પર કારે પલ્ટી મારતાં પોલીસ કર્મી સહિત ૩ નાં મોત.**